BRAMPTON Flower City brampton.ca

Service and Information Update

# પોટેન્શિયલ ફિશિંગ સ્કૅમ રિગાર્ડિંગ પાર્કિંગ પેનલ્ટીસ (પાર્કિંગ દંડ સંબંધમાં સંભવિત કપટી કૌભાંડ)

બ્રામ્પટન, ઓન્ટેરિયો (માર્ચ 21, 2019) – સીટી ઓફ઼ બ્રામ્પટનને સંભવિત ફિશિંગ સ્કૅમથી માહિતગાર કરવામાં આવ્યું છે.

કેટલાક રહેવાસીઓએ બાકી પાર્કિંગ પેનલ્ટી પેમેન્ટ્સને લગતો ઈમેલ મેળવ્યો હોવાનું નોંધાવ્યું છે.

રહેવાસીઓએ નોંધાવેલો ઈમેલ મિનિસ્ટ્રી ઓફ઼ ટ્રાન્સપોર્ટેશન ઓફ઼ ઓન્ટેરિયો (MTO) નાં ઈમેલ આઈડીથી મોકલવામાં આવ્યો હોવાનો મતલબ નીકળે છે. આપણાં શહેરે આની જાણ MTO ને કરી છે.

રહેવાસીઓએ નોંધવું જોઈએ કે સીટી ઓફ઼ બ્રામ્પટન પાર્કિંગ પેનલ્ટીની નોટિસો આપે છે ત્યારે, ચૂકવણીઓ અને/અથવા સમીક્ષા નિર્ધારિત કરવા માટેના વિકલ્પો પેનલ્ટી નોટિસની પાછળ યાદીબદ્ધ છે. એક વ્યવહાર તરીકે, સીટી ઓફ઼ બ્રામ્પટન જાહેર જનતાને પેનલ્ટી પેમેન્ટ્સના સંબંધમાં ફોન કૉલ કરતું નથી, ટેક્ષ્ટ મેસેજ કે ઈમેલ મોકલતું નથી.

જ્યારે પેનલ્ટી નોટિસની ચૂકવણી લાંબા સમયથી બાકી હોય તેવા બનાવમાં, આપણાં શહેરમાં કેનેડા પોસ્ટ મારફતે વાહનના નોંધાયેલા માલિકને એક પત્ર મોકલવામાં આવશે.

MTO પાસેથી મળેલા આવા ઈમેલ્સ પર કોઈ પૂછપરછો ધરાવતા રહેવાસીઓ તેઓનો સીધો સંપર્ક આ ઈમેલ મારફતે કરી શકે છે, teucontactce@ontario.ca. આ ઈમેલ્સ કેનેડિયન એન્ટી-ફ્રોડ સેન્ટર (CAFC) ને ફ્રોડ રિપોર્ટિંગ સિસ્ટમ (FRS) મારફતે પણ જણાવી શકાય છે.

સીટી ઓફ઼ બ્રામ્પટને આપેલી પાર્કિંગ ટિકિટ્સને લગતી સામાન્ય પૂછપરછો માટે, રહેવાસીઓ સર્વિસ બ્રામ્પટનને 311 નંબર પર ફોન કૉલ કરી શકે છે.

બ્રામ્પટનમાં પાર્કિંગ પેનલ્ટીસ ચૂકવવાને લગતી વધુ માહિતી માટે, અહીં ક્લિક કરો.

-30-

**મિડિયા સંપર્ક:**
મોનિકા દુગ્ગલ
કોઓર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી ઍંગેજમેન્ટ
વ્યૂહાત્મક સંવાદ
સીટી ઓફ઼ બ્રૅમ્પ્ટન
905-874-3426 | Monika.Duggal@brampton.ca